ગાંધીનગર સમાચાર
તા. ૭-૫-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

ગુજરાતની દીકરી દેશની કન્યાઓની દીવાદાંડી

સાવરકુંડલાની કોમલ ગણાત્રા સંઘલોક સેવા આયોગની પરીક્ષા પાસ કરીને હવે સનદી અધિકારી તરીકેની કારકિર્દીના શ્રીગણેશ કરશે. ગુજરાતની દીકરી આઈ.એ.એસ. બને એ કોઈ બહુ મોટી ઘટના ન ગણાય, એમ તો ગુજરાતની દીકરીએ અંતરીક્ષની રાણીનું બિરૂદ પણ ક્યાં હાંસલ નથી કર્યું? અનેક ગુજરાતી કન્યાઓ ઉત્તમ શિક્ષિકાઓ છે, શ્રેષ્ઠ તબીબો છે, ધારાશાસ્ત્રીઓ અને ન્યાયાધીશો છે. ગુજરાતની બહેનો સંસદમાં બેસે છે અને ધારાસભ્ય બની મંત્રીપદો સંભાળી રહી છે. આશા પારેખ, દીના પાઠક કે ગોપી દેસાઈથી લઈ દક્ષિણની ફિલ્મોમાં નાયિકા બનેલી ગાંધીનગરની બાળા અવની સુધીની અભિનેત્રીઓ પર પણ આપણે જરૂર ગર્વ લઈ શકીએ પરંતુ, સાવકુંડલાની કોમલ ગણાત્રાની કઠોર કથા જાણીએ ત્યારે એની ધીરજ અને 'પુરુષાર્થ' પછી પ્રાપ્ત થયેલ સિદ્ધિ બદલ એને બે હાથે સલામ કરવાનું જ મન થાય. કોમલ ત્યકતા છે. કોઈ બદમાશ એન.આર.આઈ. સાથે એનાં લગ્ન થયેલાં. માતા-પિતાએ બહુ ઊંચી આશાઓ સાથે દીકરી માટે વિદેશવાસી મુરતિયો શોધ્યો હતો. પરંતુ કોમલનાં સાસરિયાં તો દહેજ ભૂખ્યાં જાનવર નીકળ્યાં. પંદર દિવસનું સ્વપ્નવત્ દાંપત્ય નંદવાયું. પતિ પરદેશ ચાલ્યો ગયો અને કોમલને રાતા પાણીએ રોતાં રોતાં પિયરવાટ પકડવી પડી. કંઈક આવી કરુણ કહાની છે કોમલ ગણાત્રાની. કોઈ મેલો ડ્રામેટિક હિંદી ફિલ્મની વારતા જેવી. પરંતુ એ જ છોકરીએ રડી રડીને મા-બાપને માથે પડવાને બદલે મહેનત કરીને મોટી સનદી અધિકારી બનવાનો વિકલ્પ અપનાવ્યો. એના પિતાએ બાળપણથી જ દીકરીના દિલોદિમાગમાં સપનાંનું વાવેતર કર્યું હતું. 'તું તો બેટા, આઈ.એ.એસ. ઓફિસર થવાની...' પિતાનું આ સપનું સાકાર કરવા કોમલાંગી કોમલે કમ્મર કસી. આખરે હિંમતે મર્દાં તો મદદે ખુદા એ ન્યાયે પાંચ વરસના કઠોર વિદ્યાતપનું પરિણામ મળીને રહ્યું. કોમલ આઈ.એ.એસ.ની પરીક્ષા પાસ કરી ચૂકી છે. હવે એની સામે ઉજ્જવળ કારકિર્દીનાં સુખમય વર્ષોનો ખજાનો ખુલ્લો થશે. દેખીતું છે કે એક દુખિયારી ગુજરાતી બાળાને એની આ પ્રશંસનીય સિદ્ધિ બદલ આનંદ હોય. આપણે બધા પણ એની આ વિજયગાથા બદલ એને ફૂલડે અને દિલડે વધાવીએ. કોમલ ગણાત્રાએ ભિરાશ યૌવનને એક આશાની દિશા ચીંધી છે. જીવન તો સંગ્રામ છે. પરંતુ અર્જુનની જેમ વિષાદયોગમાં સરી જવાથી એ ન જીતી શકાય. ગમે તેની પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અને ગમે તેવા પડકારો વચ્ચે પણ ધ્યેયને વળગી રહેનાર અંતે સફળતા પામે છે, એનું એક ઝળહળતું દૃષ્ટાંત બની રહેલી આ ગરવી ગૂર્જરબાળા દેશની દીકરીઓ માટે દીવાદાંડી બની ગઈ છે. કોન્ગ્રેચ્યુલેશન્સ કોમલ! કવિએ ગાયું છે:

'અડગ મનના મુસાફરને
હિમાલય પણ નથી નડતો...'

ગાંધીનગરમાં ૧૮૫૬ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે

પ્રત્યેક પરીક્ષાખંડમાં ૨૦ વિદ્યાર્થીઓની બેઠક : ૮ કેન્દ્રો પર નિરીક્ષક તરીકે વર્ગ-૧ અને ૨ના અધિકારીઓને જવાબદારી

ગાંધીનગર, તા.૬

આગામી તા. ૯મેના રોજ ગુજકેટની પરીક્ષા લેવાશે. શહેરના ૮ કેન્દ્રો ખાતે પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લામાંથી ૧૮૫૬ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. તમામ કેન્દ્રો પર ઓબર્ઝવર તરીકે વર્ગ-૧ અને ૨ના અધિકારીઓ રાઉન્ડ લેશે.

બોર્ડ પરીક્ષાના પરિણામના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે આ પૂર્વે ગુજકેટની પરીક્ષાનું આયોજન આખરી કરી દેવાયું છે. જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી તા. ૯ મે ના રોજ સવારે ૧૦.૩૦ થી ૨.૦૦ દરમિયાન ગુજકેટની પરીક્ષા લેવાશે. શહેરના ૮ કેન્દ્રો ખાતે પરીક્ષાલક્ષી બેઠક ગોઠવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રત્યેક પરીક્ષા ખંડમાં ૨૦ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા માટે જિલ્લામાંથી નોંધાયેલા ૧૮૫૬ વિદ્યાર્થીઓ પૈકી ૧૪૩૮ ગુજરાતી મીડીયમના, ૪૦ અંગ્રેજી તેમજ ૧૪ વિદ્યાર્થી હીન્દી માધ્યમના છે. એક જ દિવસમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન તેમજ જીવવિજ્ઞાનની પરીક્ષા લેવાશે. જેમાં કુલ ૧૨૦ હેતુલક્ષી પ્રશ્નો પુછવામાં આવશે.

પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જિલ્લા કલેકટર સાથે પરામર્શ કરી પ્રત્યેક પરીક્ષા સેન્ટર પર વર્ગ-૧ અને ૨ના અધિકારીઓને નિરીક્ષક તરીકે નિમવામાં આવ્યા છે જયારે ઝોનલ અધિકારી તરીકે સી.એમ. જાદવને જવાબદારી સોંપવામાં આવી છે.

રાજ્યમાં માધ્યમિક શિક્ષકોની પ્રથમ ચરણની તાલીમ

શિક્ષક તાલિમ શિબિર ૧૦મી મે સુધી ચાલશે : શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુસર શિક્ષણ બોર્ડે કમરકસી છે : રાજ્યના ૨૨૫૦૦થી વધુ શિક્ષકો જોડાયા

અમદાવાદ, તા.૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી રાજ્યનાં માધ્યમિક શિક્ષકોની તાલીમ શીબીરનો પ્રારંભ કરાયો છે જે ૧૦મે સુધી ચાલશે. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં શરૂ થયેલ આ પ્રથમ તબક્કાની તાલીમ શિબીરમાં ૨૨,૫૦૦થી વધુ શિક્ષકો ભાગ લઈ રહ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના શિક્ષણની ગુણવત્તા સુધારવા કમર કસી છે. જેનાં ભાગરૂપે રાજ્યનાં માધ્યમિક શિક્ષકો માટે બે તબક્કામાં તાલીમ શીબીરનું આયોજન કરાયું છે. જેમાંથી પ્રથમ તબક્કાની તાલીમ શીબીરનો આજથી રાજ્યભરમાં પ્રારંભ થયો છે. રાજ્યભરનાં ૨૨,૫૦૦ શિક્ષકો આ તાલીમ પ્રક્રિયામાં જોડાયા છે. જેમને શિક્ષણ સજ્જતા સર્વેક્ષણ તાલીમ આપવામાં આવશે. ૧૦મી મે સુધી ચાલનારી આ તાલીમ શીબીરમાં શિક્ષકોને વર્તમાન શિક્ષણ પ્રવાહોથી માહિતગાર કરવામાં આવશે. આ ઉપરાંત શાળાનાં અભ્યાસક્રમને લગતી તમામ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે શિક્ષણ બોર્ડ દ્વારા દરેક જિલ્લાઓમાંથી ૧૦૦૦ શિક્ષકોનો ટેસ્ટ લેવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓની ખામી અંગે મોડ્યુલ બનાવવામાં આવ્યા હતા. આ ટેસ્ટમાં સામે આવેલ ખામીઓના આધારે શિક્ષકોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં ઘાટલોડીયાની સુમતિ વિદ્યાલય, હાથીજણમાં આવેલ સ્વામીનારાયણ વિદ્યાલય, બોપલમાં આવેલ શિવાશિષ વિદ્યાલય, દેત્રોજ, પીરાણા સહિતની શાળાઓમાં શિક્ષકો માટેની તાલીમ શીબીરનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં પ્રથમ તબક્કામાં ૪૦૦૦ શિક્ષકોને તાલીમ અપાશે. જયારે બીજા તબક્કામાં ૪૫૦૦થી વધુ શિક્ષકોને તાલીમ અપાશે. શિક્ષકોની તાલીમ શીબીર અંગે ગુજરાત શિક્ષણ બોર્ડના ચેરમેન આર.આર. વરસાણીએ જણાવ્યું હતું કે આજથી રાજ્યમાં માધ્યમિક શાળાઓના શિક્ષકોની તાલીમ શીબીરની શરૂઆત કરવામાં આવી છે. તાલીમ શીબીરનાં બે તબક્કામાં રાજ્યભરનાં ૪૫૦૦૦ શિક્ષકોને આવરી લેવામાં આવશે. જેમાં શિક્ષણ સજ્જતા સર્વેક્ષણ દરમિયાન શિક્ષકોની જે ભુલો સામે આવી છે તેનાથી શિક્ષકોને માહીતગાર કરી આ ભુલો સુધારવા માટેની તાલીમ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે રાજ્યમાં શિક્ષણનું સ્તર જાણવા માટે બોર્ડ દ્વારા સર્વે કરાયો હતો જેમાં વિદ્યાર્થીઓની અને શિક્ષણ પ્રક્રિયાની ખામીઓ અંગે દશ મોડ્યુલ તૈયાર કરાયા હતા. જેનાં આધારે શિક્ષકોની તાલીમ શીબીરનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુરૂવારે કંકણા કૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ

ગાંધીનગર, તા. ૬

ગુરૂવારે કંકણાકૃતિ સૂર્યગ્રહણ થનાર છે. જે સૂર્યગ્રહણનો અદ્‌ભૂત અવકાશી નજારો જોવા મળશે. પરંતુ ભારતમાં દેખાશે નહિ. ઓસ્ટ્રેલિયા, જીનીવા, મધ્ય પેસિફિકમાં જોવા મળશે. ભારતમાં પખવાડિયા પહેલાં ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો ખગોળ રસિકો નિહાળી રોમાંચિત થયા હતા. ૨૦૧૩માં એક પણ ગ્રહણ ભારતવાસીઓને જોવા મળનાર નથી.

કર્મકાંડ તાલિમ શિબિર - ગાંધીનગર ગાયત્રી મંદિર ખાતે રાજયના સમાજકલ્યાણ વિભાગ દ્વારા પ્રતિ વર્ષ યોજાતી કર્મકાંડ તાલિમ યોજનાનો સોમવારે પ્રારંભ થયો હતો. ભારતીય સંસ્કૃતિની પરંપરાગત કર્મકાંડની તાલિમ આપવાનો રાજય સરકારની યોજના અન્વયે ગાંધીનગરમાં ગાયત્રી મંદિર ખાતે તાલિમ શિબિર યોજાય છે. જેમાં ઉત્તર ગુજરાતના પચાસથી વધારે તાલીમાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.

(તસવીર : દિપક જાની)

પીએચડીની ૬૬ બેઠક માટે ૧,૭૫૪ અરજીઓ

ગાંધીનગર આઈઆઈટી માટે ઘણી અરજીઓ મેના અંત સુધીમાં વિદ્યાર્થીઓની યાદી જાહેર

અમદાવાદ, તા.૬

આ વર્ષે આઈઆઈટી ગાંધીનગર ખાતે પીએચડીમાં પ્રવેશ મેળવવા માટેની અરજીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ વર્ષ ગુજરાત ઉપરાંત આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી પણ વિદ્યાર્થીઓએ ગાંધીનગર આઈઆઈટીમાં પીએચડી કરવા માટે અરજીઓ કરી છે. જેનાં કારણે ગાંધીનગર આઈઆઈટીમાં પીએચડી માટે મદદ કરી શકાય એવી કુલ ૮,૧૬૦ ઉમેદવારોની અરજીઓ આવી છે. જેમાંથી ૧,૭૫૪ અરજીઓનો બહારના રાજ્યોના વિદ્યાર્થીઓની છે.

વિદ્યાર્થીઓમાં પીએચડી કરવાનો ક્રેજ ધીરે ધીરે વધતો જાય છે. તેમાંય ગાંધીનગર સ્થિત આઈઆઈટીમાં પીએચડી કરવા માટે વિદ્યાર્થીઓમાં રીતસરની પડાપડી જોવા મળી રહે છે. આ જ કારણ છે કે આઈઆઈટી ગાંધીનગરમાં પીએચડી કરવા માટે સીટો તો માત્ર ૬૬ છે પરંતુ આ ૬૬ સીટો માટે ૮,૧૬૦ વિદ્યાર્થીઓએ અરજી કરી છે. બીજી બાજુ આઈઆઈટીમાં એમટેકની સીટો ૧૦૫ છે. પરંતુ આ ૧૦૫ સીટો ઉપર પ્રવેશ મેળવવા માટે ૨૦,૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ અરજી કરી છે. આઈઆઈટી ગાંધીનગર દ્વારા અરજી કરનાર તમામ વિદ્યાર્થીઓમાંથી ૧૦ ટકા જેટલા ઉમેદવારોને લેખીત પરીક્ષા અને ઈન્ટરવ્યૂ માટે બોલાવામાં આવ્યા છે. જેમાંથી પીએચડી માટે ૬૬ અને એમટેકની ૧૦૫ સીટ માટે ફાઈનલ ઉમેદવારોની પસંદગી મે મહીનાનાં અંતમાં કરવામાં આવશે. ગાંધીનગર આઈઆઈટીમાં એમટેક અને પીએચડી કરવા માટે આ વખતે ખાસ કરીને બહારના રાજ્યોના વિદ્યાર્થીઓ પણ ખાસ રસ દાખવી રહ્યા છે. જેમાં દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ઓરિસ્સા, ઝારખંડ અને કર્ણાટકના વિદ્યાર્થીઓ પણ પ્રવેશ માટે રાહ જોઈ રહ્યા છે. જે અરજીઓ મળી છે. તેમાંથી ઈલેક્ટ્રોનિક એન્જિનીયરીંગમાં પીએચડી કરવા માટે સૌથી વધુ ૨,૨૨૭ અરજીઓ આવી છે જ્યારે સાઉથ એશિયન સ્ટડીઝના વિષયોમાં પીએચડી કરવા માટે માત્ર ૧૪ વિદ્યાર્થીઓ અરજી કરી છે.

પીએચડી માટેના જુદા જુદા વિષયમાં અરજી

બાયોલોજિકલ એન્જિનીયરીંગ	-	૧૭૦૮
કેમિકલ એન્જિનીયરીંગ	-	૩૭૮
કેમિસ્ટ્રી	-	૫૭૪
સિવિલ એન્જિનીયરીંગ	-	૨૮૧
કોગનેટિવ સાયન્સ	-	૬૨
કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનીયરીંગ	-	૭૫૪
ઈલેક્ટ્રિક એન્જિનીયરીંગ	-	૨૨૨૭
અંગ્રેજી	-	૬૪
મટિરિયલ સાયન્સ એન્ડ એન્જિનીયરીંગ	-	૩૫૩
મેથેમેટિક્સ	-	૩૦૦
મિકેનિકલ એન્જિનીયરીંગ	-	૮૭૩
ફિલોસોફી	-	૧૧
ફિઝિક્સ	-	૩૭૦
પોલિટિકલ સાયન્સ	-	૨૯
સાયકોલોજી	-	૪૧
સોશિયલ એપીડિમિયોલોજી	-	૨૨
સોશિયોલોજી	-	૬૪
સાઉથ એશિયન સ્ટડીઝ	-	૧૪
કુલ અરજીઓ	-	૮૧૬૦

પશ્ચિમની સંસ્કૃતિનો વાયરો જોર પકડે છે

અમદાવાદ, તા.૬

પશ્ચિમી સંસ્કૃતિનો વાયરો ધીરે ધીરે પોતાનું જોર બતાવી રહ્યો છે. જેનાં કારણે વહીવટી અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ છે. ત્યારે હવે પ્રાથમિક શિક્ષણનું પણ અંગ્રેજીકરણ થઈ રહ્યું છે. રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ભલે માતૃભાષામાં શિક્ષણ અપાઈ રહ્યું હોય પરંતુ ખાનગી શાળાઓમાં અંગ્રેજી માધ્યમ માતૃભાષા ઉપર ભારે પડી રહ્યું છે. રાજ્યમાં જેમ જેમ શાળાઓનું ખાનગીકરણ વધી રહ્યું છે. તેમ તેમ પ્રાથમિક શિક્ષણ ઉપર અંગ્રેજીનો દબદબો પણ વધી રહ્યો છે.

પશ્ચિમી સંસ્કૃતિની અસર કહો, આધુનિકરણ તરફથી દોટ, કુહો સળવની માંગ માનો કે દેખાદેખી, પરંતુ વાસ્તવિકતા એ છે કે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં ધીરે ધીરે અંગ્રેજી માધ્યમનો દબદબો વધી રહ્યો છે. રાજ્યનાં શહેરી વિસ્તારોને બાદ કરતાં જિલ્લા શિક્ષણ સમિતી સંચાલિત સરકારી પ્રાથમિક શાળાઓનું વર્ચસ્વ છે. જ્યાં બાળકોને માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ અપાઈ રહ્યું છે. જોકે અમદાવાદ જેવી શહેરી વિસ્તારોમાં કોર્પોરેશન સંચાલિત પ્રાથમિક શાળાઓ વચ્ચે ખાનગી શાળાઓનું વર્ચસ્વ વધ્યું છે. એકલા અમદાવાદમાં અંદાજે ૫૦૦ કરતા વધુ ખાનગી પ્રાથમિક શાળાઓ આવેલી છે. જેમાં ગુજરાતી માધ્યમની શાળાઓની સંખ્યા વધુ છે. પરંતુ હવે સ્થિતી ધીરે ધીરે બદલાઈ રહી છે. માતૃભાષા ઉપર અંગ્રેજીની આંધી હાવી થઈ રહી છે. આગામી શૈક્ષણિક સત્રથી અમદાવાદમાં ૫૬ પ્રાથમિક શાળાઓ શરૂ કરવા માટેની અરજીઓ જીલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરીએ આવી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે આ ૫૬માંથી ૩૦ અરજીઓ અંગ્રેજી હતી. જે જોતાં આગામી સમયમાં પ્રાથમિક વહીવટી વિભાગ અને ઉચ્ચ શિક્ષણની જેમ પ્રાથમિક શિક્ષણમાં પણ અંગ્રેજીકરણનો દબદબો જોવા મળે તો નવાઈ નથી. અંગ્રેજીને વધારે મહત્વ આપવા માટે હવે જુદી જુદી સંસ્થાઓ દ્વારા પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેના કારણે તેની માંગ સતત વધી રહી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ અંગ્રેજીની લઈને જુદા જુદા ક્લાસો ચલાવી રહી છે જેથી અંગ્રેજીની બોલબાલા વધી રહી છે.

સમયની માંગણી સામે વાલીઓ મજબુર બન્યા

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે અંગ્રેજીકરણના વધી રહેલા પ્રભાવને વાલીઓ સમયની માંગ ગણાવી રહ્યા છે. ઉચ્ચ શિક્ષણ અંગ્રેજીમાં હોવાથી બાળકોને અંગ્રેજી માધ્યમમાં મુકવા મજબુર હોવાનું જણાવતા વાલીઓ કહે છે કે ધોરણ-૧૨ પચી ઉચ્ચ શિક્ષણ અંગ્રેજીમાં હોય છે તેથી બાળકોને પાછળથી મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને ઉચ્ચશિક્ષણ સારી રીતે લઈ શકે તે માટે શરૂઆતથી જ બાળકને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવાની જરૂર પડે છે. આ ઉપરાંત નોકરીમાં પણ અંગ્રેજી માદ્યમના છોકરાઓને પ્રાથમિકતા અપાતી હોવાથી ન ઈચ્છવા છતાં બાળકોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં મુકવા પડે છે.

એક સમજદાર પિતાએ કુશળતાથી દીકરીના તૂટતા ઘર સંસારને આબાદ બચાવી લીધું...

સમાજ સિંચન

- પોપટલાલ પ્રજાપતિ

પરણીને સાસરે આવતી પુત્રવધુને હરખઘેલી થઈને આવકારનાર એક માત્ર સાસુ હોય છે. એટલું જ નહિ પ્રથમવાર સાસરે પગ મૂકતી પુત્રવધુના કંકુ પગલાં કરી ગૃહ પ્રવેશ કરાવ્યો કે લગ્ન પછી માંડવે જ પુત્ર વધુને પોંખવાનું કામ સાસુ જ ઉમકળાથી કરે છે, તેના ઓવારણા લે છે. છતાં આજ હેતઘેલી સાસુમાના માથે થોડા જ સમયમાં છાણાં થવાવા શરૂ થઈ જાય છે, અને યેનકેન પ્રકારે સાસુથી અલગ થવાની યુક્તિ પ્રયુક્તિઓ વિચારાય છે. આ એક કડવું સત્ય છે. આ ઘર ઘરની કહાની છે. પણ કોઈ વાર સમજદાર મા-બાપની સાવધાની અને વ્યવહાર કુશળતા સાસુ વહુના તુટતા સંબંધોને જોડવાનું કામ કરે છે. આજની કહાની કંઈક આવો જ સંદેશ લઈને આવી છે. દીકરીના પિતા આ સત્ય ઘટના અવશ્ય વાંચે...

એક ડૉકટર પિતાને એક માત્ર પુત્રી હતી, નામ એનું અવની. પુત્રી દસ જ વર્ષની થઈ અને માતા ગંભીર બિમારીમાં મૃત્યુ પામી, પત્નીના મૃત્યુના આઘાતની કળ વળતાં જ સગાંવ્હાલાં અને સ્નેહીજનોએ ડૉકટરને બીજા લગ્ન કરવાની સલાહ આપી જેથી દીકરીની સંભાળ રાખી શકાય કારણ કે દીકરીને 'મા' થી વધુ કોણ સમજી શકે? પણ ડૉકટરની સમજણ કંઈક અલગ જ હતી. તેઓ માનતા કે ઉછીનું માતૃત્વ દીકરીને સાચો પ્રેમ નહિ કરી શકે. અને ડૉકટરે બીજા લગ્ન નહિ કરવાનો નિર્ણય કર્યો. આવની એમને પ્રાણથી પણ અધિક પ્યારી હતી. ખુબ લાડ કોડમાં ઉછરતી દીકરી જોતજોતામાં મોટી થઈ. તે ભણવામાં પણ તેજસ્વી હતી. પણ અવની ભણતાં ભણતાં એક હેન્ડસમ યુવાનને દિલ થઈ બેઠી. ડૉકટરે દીકરીના રાજીમામાં જ પોતાનું સુખ માન્યું. દીકરીના ખુબ ધામધૂમથી લગ્ન કરાયા. અવનીને વિદાય આપતાં ડૉકટરની આંખો અનરાધાર વરસી, કારણ કે હવે તેમનાં જીવનમાં ખાલીપો આવવાનો હતો...

જીવનનો શૂન્યાવકાશ કેમ કરીને પુરાશે તેની ચિંતા હવે તેમને સતાવા લાગી... અવની પરણીને સાસરે આવી. સાસુમાને પુત્રવધુના ઓવારણા લીધા, અને અવનીનો ઘરસંસાર શરૂ થયો... થોડો સમય વધુ હેમખેમ ચાલ્યું પણ હવે અવનીને સાસુનું વહાલ ખટકવા લાગ્યું, અને એક દિવસ સાવ સામાન્ય ઘરકામ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ, અને પછી તો વહુના આત્મસન્માનને ડગલે ને પગલે ઠેસ લાગવા માંડી. હવે સાસુમાનું પણ વડીલપણું જાગૃત થયું. બંનેના અહમ ટકરાયા અને આ ઝઘડાએ કાયમી સ્વરૂપ લીધું, બંને એકબીજાને નફરત કરવા લાગ્યા. બંનેને એકબીજાના હાથનું પાણી પીવામાં પણ આભડછેટ લાગવા માંડી.

લાડકોડમાં ઉછરેલી અવનીને સાસુમાની હાજરી ખટકવા લાગી... અને એક નાજુક પળે તેના દિમાગમાં કળિયુગે પ્રવેશ કર્યો... આ સાસુમા... આ ડોશી કયારે મરશે? મારે કયાં સુધી એનો ત્રાસ સહન કરવાના? પછી તો અવનીના મગજમાં મલિન વિચારોની પરંપરા શરૂ થઈ. નીત નવા તુક્કા... નવા વિચાર... આ ડોશીનો કાંટો કઈ રીતે દૂર કરવો? અને બુધ્ધિશાળી અવનીને એક તુક્કો સૂઝ્યો... મારા પપ્પા ડૉકટર છે તે જરૂર કાંઈક રસ્તો બતાવશે...

અવની બીજા જ દિવસે પિતાની પાસે આવી અને ફ્રુસકે ફ્રુસકે રડવા લાગી... અને કહ્યું પપ્પા, સાસુના ત્રાસથી મારૂં જીવતર ઝેર થયું છે. દીકરીને જીવતા રાખવા માગતા હોય તો સાસુને મારા માર્ગમાંથી દૂર કરવી પડશે. ડૉકટર સમસમી ગયા. દીકરીના મનમાં આવો હીન વિચાર આવ્યો કઈ રીતે? તેમણે દીકરીને સમજાવી. પણ અવની જીદ કરવા લાગી. તે કોઈ રીતે માનવા તૈયાર ન હતી. તેની એક જ જીદ હતી કે કાં સાસુ નહિ કાં હું નહિ. ડૉકટરને દીકરી પ્રાણથી પણ અધિક પ્યારી હતી. તે દીકરીના સુખ ખાતર કંઈ પણ કરવા તૈયાર હતા... અને ડૉકટરે દીકરીની જીદ પુરી કરવાનો નિર્ણય કર્યો... તેમણે દીકરીને કહ્યું, બેટા હું દવાની પડીકીઓ તૈયાર કરું છું તેમાં ધીમુ ઝેર છે. આંતરે દિવસે આ પડીકી કેશર મિશ્રિત દૂધમાં ભેળવી તારી સાસૂને આપવાની છે છ મહિનાનો કોર્સ છે. આ કોર્સ પુરો થતાં એક દિવસ અચાનક સાસુ રામશરણ થઈ જશે. પણ બેટા, એક શરત છે. તારે આ છ મહિના દરમિયાન સાસુ સાથે કદી ઝઘડો કરવાનો નથી, ઊંચા અવાજે બોલવાનું નહિ, તેમનો એક પણ બોલ ઉથાપવાનો નહીં, સૌને લાગવું જોઈએ કે સાસુ-વહુ વચ્ચે કેવો પ્રેમ છે? અને પછી સાસુમા અચાનક રામશરણ થાય તો કોઈને તારા પર શંકા નહિ જાય. અત્યારે તમારા ઝઘડા જગજાહેર છે. એટલે તારે થોડી રાહ જોવી પડશે. અવની પપ્પાની અફલાતૂન આઈડીયાથી રાજીના રેડ થઈ. હરખાતી સાસરે આવી અને બીજા જ દિવસથી એમે સાસુમા પ્રત્યે નું વલણ બદલી નાખ્યું. સાસુમાની ખુબ કાળજી લેવા માંડી. બા કોઈ વાર ગુસ્સે થાય તો પણ અવની દરેક વાતને હસી કાઢે. સમય વિગતો ગયો, બે, ત્રણ મહિના થયા આ દરમિયાન સાસુમા પ્રત્યે તેણે જરાય નારાજગી કે અણગમો વ્યક્ત કર્યો નહી. સાસુમાને લાગ્યું કે મારી વહુમાં આ ગજબનું પરિવર્તન કેવી રીતે આવ્યું? જો વહુ મને આટલા પ્રેમથી રાખતી હોય તો મારે પણ શા માટે વિખવાદ કરવો? હું સાસુ મટી 'મા' કેમ ના બનું? મારે કયાં બીજી દીકરી પણ છે? અને સાસુમાએ પણ પોતાના સ્વભામાં પરિવર્તન લાવી દીધું... અવની નિયમિતપણે સાસુમાને કેશર મિશ્રિત દૂધમાં ઝેરની પડીકી આપતી હતી... તેના ભીંતરમાં હજુ આગ હતી... પણ સાસુમાં જબરદસ્ત પરિવર્તન આવી ગયું. સાસુમા જાણે લાગણીનો ઘુઘવતો સાગર, જાણે કલકલ વહેતી સ્નેહની સરીતા... અવની મા વિનાની દીકરી હતી તેને પ્રથમવાર અનુભવ થયો કે શા માટે લોકો કહેતા હશે કે ''જનનીની જોડ સખી નહી જડે રે લોલ...''... સાસુના સ્નેહમાં અવની ભીંજાવા લાગી પછી તો ઘરમાં હોડ લાગી, કોણ કોના પર વધુ વહાલ વરસાવે? એમ કરતાં છ મહિના પુરા થવા આવ્યા અને અવની અચાનક પિયરમાં આવી. પપ્પાના ખોળામાં માથું મુકી રડવા લાગી... પપ્પા, ગજબ થયો... મારી સાસુનું શું થશે? તમે આપેલી ઝેરની પડીકી નિયમિત રીતે પાંચ મહિના મેં મારી સાસુને આપી છે છેલ્લા એક મહિનાથી મેં બંધ કરી છે, પણ પપ્પા ઝેર એટલે ઝેર... મારી સાસુ પર ઝેરની અસર થશે? હું 'મા' વગરની થઈશ? પપ્પા મારી સાસુનો નવો અવસાર થયો છે. સાસુમાં મને મારી માતાના દર્શન થવા લાગ્યા છે. આજ સુધી હું મા વગરની દીકરી હતી મને 'મા' મળી છે. હું 'મા' થી અલગ થવા માંગતી નથી. પપ્પા તમે ડૉકટર છો ગમે તે કરો, મારી સાસુને બચાવી લો... અને અવની ડુસકાં લેવા લાગી ત્યારે ડૉકટરે દીકરીના માથે હાથ મૂકી કહ્યું બેટા, હું તારો બાપ છું, કસાઈ નથી. બાપે દીકરીના ઘરને વસાવવાનું હોય, તેને વેરાન કરવાનું પાપ મારાથી ન થાય. હું તારા સ્વભાવમાં પરિવર્તન લાવવા માગતો હતો. બેટા, તારી સાસુને કંઈ નહિ થાય. તે દવા ઝેરની હતી જ નહિ તેતો શક્તિની દવા હતી... જા દિકરી સાસુને 'મા' બનાવી તેની સેવા ચાકરી કર અને સુખી થા... અને હજુ અવનીની આંખમાંથી આંસુ અવિરત વહી રહ્યા હતા, તે પણ હર્ષના આંસુ હતા...

અને એક બુદ્ધિશાળી પિતાએ ખુબ કુશળતાથી દીકરીના તૂટતા ઘરસંસારને બચાવી દીધું...